# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવશે.**
2. **ગુજરાતના જાહેર ક્ષેત્રના સાહસોએ નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ છ મહિનામાં સ્ટોક એક્સચેન્જમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું.**
3. **મોરબીમાં એક કરોડના ખર્ચે તૈયાર થયેલ સરદારબાગનું લોકાપર્ણ અને 17 કરોડના વિકાસકામોનું ખાતમુર્હૂત થયું**
4. **ગાંધીનગરના રૂપાલમાં આજે વહેલી સવારે વરદાયિની માતાજીની નીકળેલી પલ્લીમાં હજારોની સંખ્યા ભક્તો ઉમટ્યાં.**
5. **ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે આવતીકાલથી શરૂ થનારી પહેલી ટેસ્ટ ક્રિકેટ મેચ માટે બંને ટીમોએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રેકટીસ કરી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAJNATH SINGH GUJ VISIT

દેશના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ)

સંરક્ષણ મંત્રી રાજનાથાસિંહ આજે સાંજે 7.30 કલાકે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિ કાર્યક્રમમાં હાજરી આપવા સાથે જવાનો સાથે સંવાદ કરશે. બીજી ઓક્ટોબર દશેરાના દિવસે રાજનાથસિંહ લક્કીનાળાં મિલિટરી સ્ટેશન ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળવા સાથે શત્રપૂજા કરશે. શ્રી સિંહના હસ્તે અહી વિવિધ નવિન સુવિધાનું લોકાર્પણ કરાશે.

બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. બે દિવસનાં રોકાણ દરમિયાન સંરક્ષણમંત્રી ભુજમાં મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લક્કીનાળાં ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત, શત્રપૂજા અને નવીન સુવિધાનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહેવાના છે. ઓપરેશન સિંદૂર બાદ જવાનોના જુસ્સાને બુલંદ કરવા સંરક્ષણમંત્રી મે માસમાં કચ્છ આવ્યા હતા. એ બાદ ચાર માસના ટૂંકાગાળામાં ફરી તેઓ સરહદી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે.

**હેમાંગ પટ્ટણી, આકાશવાણી સમાચાર, કચ્છ**

---

# NEW APPOINTMENT VAV THARAD

નવ રચિત વાવ-થરાદ જિલ્લાના કલેકટર તરીકે IAS જે. એસ. પ્રજાપતિ અને જિલ્લા વિકાસ અધિકારી ડીડીઓ તરીકે કાર્તિક જીવાણીની નિમણૂક કરાઈ છે. જ્યારે IPS ચિંતન તેરૈયા જિલ્લાના પોલીસ વડા તરીકે નિયુક્ત કરાયા છે.

---

# GUJ PSU PERFORMANCE

ગુજરાતના જાહેર ક્ષેત્રના સાહસોએ નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ છ મહિનામાં સ્ટોક એક્સચેન્જ પર નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે , અને BSE સેન્સેક્સ તેમજ NSE નિફ્ટી જેવા બેન્ચમાર્ક સૂચકાંકોને પાછળ છોડી દીધાં છે.

શેરબજારોમાંથી સંકલિત થયેલા ડેટા મુજબ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટે ડ, ગુજરાત ગેસ લિમિટેડ , ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ અને ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશ ને 28 માર્ચથી 30 સપ્ટેમ્બર , 2025 દરમિયાન સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે , પોતાના શેરના ભાવમાં 125.17 ટકા નો અસાધારણ ઉછાળો નોંધાવીને GMDC શ્રેષ્ઠ પ્રદર્શનકાર તરીકે ઉભરી આવ્યો છે, જે 265.35 રૂપિયાથી વધીને 597.50 થયો છે.

---

# MORBI LOKARPAN KHATMUHURT

મોરબીમાં એક કરોડના ખર્ચે તૈયાર થયેલ સરદારબાગનું લોકાપર્ણ અને 17 કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું. શહેરમાં રોડ-રસ્તા, ભૂગર્ભ ગટર અને સ્ટ્રીટ લાઈટ સહિતના વિકાસ કાર્યોનું કામ આગામી દિવસોમાં શરૂ થશે.

આ અંગે સાંસદ વિનોદ ચાવડાએ પ્રતિક્રિયા આપી

## બાઈટ - વિનોદ ચાવડા, સાંસદ કચ્છ-મોરબી

---

## AKASHWANI SWACCHTA RALLY

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ આકાશવાણી અમદાવાદ દ્વારા ગઇકાલે સ્વચ્છતા અંગે જાગૃતિ માટે રેલી યોજાઈ ગઈ. આશ્રમ રોડ ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આકાશવાણી અમદાવાદના કાર્યાલય અધ્યક્ષ એન એલ ચૌહાણે આ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

ઇન્કમટેક્સ આશ્રમ રોડથી શરૂ થયેલી આ રેલી જુના હાઇકોર્ટથી પસાર થઈ આકાશવાણી અમદાવાદ કાર્યાલય ખાતે સમાપ્ત થઈ હતી. આ રેલીમાં કાર્યાલયના 50થી વધુ અધિકારી કર્મચારીઓએ ભાગ લઈ સ્વચ્છતા હી સેવા હૈ, સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાનો સંદેશ આપ્યો હોવાનું સમાચાર વિભાગના વડા ડોક્ટર ચિરાગ ભોરણિયાએ જણાવ્યું.

## બાઇટ- ડો, ચિરાગ ભોરણિયા, વડા, સમાચાર વિભાગ

---

## SURAT FOOD CHECKING

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દશેરાના તહેવાર અગાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં દુકાનોમાં તપાસ હાથ ધરવામાં આવી. જેમાં ફાફડા અને જલેબીના નમૂના એકત્ર કરાયા હતા.

ભાગળ, અડાજણ અને અઠવા સહિતના વિસ્તારમાંથી નમૂના લેવામાં આવ્યા. આ નમૂનાની આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી રહી હોવાનું આરોગ્ય અધિકારી એચ.એસ.પટેલે જણાવ્યુ હતું.

**(બાઇટ : એચ.એસ.પટેલ, આરોગ્ય અધિકારી)**

---

## WEATHER

છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યના 110 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો. સૌથી વધુ ગીરસોમનાથના તલાલા તાલુકામાં 1 ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

દરમિયાન હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર કચ્છના અખાતમાં રાજ્યમાં વરસાદ રહેશે.

આગામી ત્રણ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે આજે રાજકોટ, કચ્છ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં યેલો અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરાઈ છે.

વીજળીના કડાકાભડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી અપાઈ હોવાનું ડૉ. એ.કે.દાસે જણાવ્યું.

**બાઇટ- એ કે દાસ, વડા, હવામાન વિભાગ**

---

# RUPAL PALLI

ગાંધીનગરના રૂપાલમાં આસો સુદ નોમ નિમિત્તે આજે વહેલી સવારે 4 વાગ્યાથી વરદાયિની માતાજીની પલ્લી નીકળી છે. હાલ ચાલી રહેલી પલ્લીમાં માતાજીને ચોખ્ખા ઘીનો અભિષેક કરાઇ રહ્યો છે ત્યારે ગામની શેરીઓમાં રીતસર ઘીની નદી વહેતી થઇ છે.

અમારા પ્રાતિનિધિના જણાવ્યા અનુસાર અઢી કિલોમીટર સુધીની આ શોભાયાત્રા આખા ગામમાં ફરી છે. સેંકડો ભક્તો માતાજીની પલ્લીના દર્શન માટે ઉમટી પડ્યા છે. 10 લાખ લોકો પલ્લીમાં ભાગ લે તેવી અપેક્ષા છે. હૈયેહૈયું દળાય તેવી ભીડ વચ્ચે માતાજીના જયઘોષથી સમગ્ર ગામ ગુંજી ઉઠ્યું છે. માતાપિતા પણ તેમના સંતાનોને લઈને પલ્લીના દર્શન કરાવવા પહોંચ્યા હતા.

પલ્લીનો આ મેળો લાખો શ્રદ્ધાળુઓ માટે જીવનભરનું સંભારણું બની રહે છે.

---

# NAVARATRI

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર..

(MUSIC)

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિની મહાનવમી ના દિવસે આજે માં સિદ્ધિદાત્રીની પૂજા કરાય છે. માં સિદ્ધિ દાત્રી અ ણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ અને વિશિત્વ એમ આઠ પ્રકારની સિદ્ધિઓના દાતા છે.

માતાજીને હલ્વો અને પુરીનો ભોગ ધરવાય છે. આજના દિવસે રાજયભરના મંદિરોમાં હવન- પૂજન કરાશે. નવરાત્રિ નિમિત્તે ભક્તો ગરબે ઘૂમીને માતાજીની

આરાધનામાં મગ્ન બન્યાં છે.રાજ્યમાં ગઇકાલે કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદ વચ્ચે પણ ખેલૈયાઓનો જુસ્સો યથાવત રહ્યો હતો.

રાજકોટમાં વિવિધ ગરબીઓમાં અભયમની ટિમ દ્વારા સુરક્ષા સંબંધિત માર્ગદર્શન પૂરું પડાયું હતું. મોરબીમાં શક્ત શનાળા ગામે શક્તિ માતાજીના મંદિરે ગઇકાલે આઠમ નિમિતે માતાજીની મહાઆરતીમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.ગાંધીનગરના કોલવડા ગામે કોલવડિયા નાયક પરિવાર દ્વારા થતી ૫૦૦ વર્ષો જૂની પરંપરા અનુસાર લાલઘર માતાજીની પુજા કરાઇ હતી.

બીજી તરફ રાજ્યમાં દુર્ગા પૂજાની પણ ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરાઇ રહી છે.આજે મહાનવમી નિમિત્તે હવન અને પૂજાનું આયોજન કરાયું છે.

**(MUSIC)**

---

**STATE TAX DEPARTMENT– SURAT TRADERS MEETING ON GST**

રાજ્યવેરા વિભાગ-સુરત દ્વારા GST દરોમાં થયેલા ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા સુરત જિલ્લાના વિવિધ ટ્રેડ એસોસિએશન , ચેમ્બર ઓફ કોમર્સ તેમજ CA/એડવોકેટ એસોસિએશન સાથે બેઠક યોજાઈ.

જેમાં GST દરોમાં ઘટાડાનો લાભ ગ્રાહકોને મળી રહે એવા સામૂહિક પ્રયાસો હાથ ધરવા સાથે ટેક્સટાઈલ, ઓટોમોબાઈલ્સ અને ખાદ્ય સહિતના વિવિધ ક્ષેત્રોના વેપારીઓની સમસ્યાઓના નિરાકરણ અંગે ચર્ચા કરાઈ. તેમજ ઘટાડેલા GST દરથી નાના ઉદ્યોગકારો અને ગ્રાહકોને થતાં લાભ વિષે ચર્ચા વિચારણા કરાઇ હતી.

---

# TEST MATCH

ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે આવતીકાલથી પહેલી ટેસ્ટ મેચનો આરંભ થઇ રહ્યો છે. આ મેચ માટે પ્રવાસી વેસ્ટ ઇડિઝની ટીમ અમદાવાદ પહોંચી હતી. બંને ટીમો દ્વારા મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રેકટિશ કરી હતી. લાંબા ગાળા બાદ વેસ્ટ ઇન્ડિઝની ટીમ અમદાવાદમાં ટેસ્ટ મેચ રમી રહી છે. એશિયા કપમાં પાકિસ્તાનને પરાજય આપ્યા બાદ ભારતીય ટીમનો જુસ્સો બુલંદ છે.

---

# WOMEN-WORLD-CUP

ICC મહિલા વિશ્વ કપ 2025ની પ્રથમ મેચમાં ભારતે શ્રીલંકાને 59 રનથી હરાવ્યું.

ગુવાહાટીમાં રમાયેલી વરસાદથી પ્રભાવિત આ મેચમાં . શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો . પ્રથમ બેટિંગ કરતા ભારતે 47 ઓવરમાં 8 વિકેટે 269 રન બનાવ્યા.

ભારત તરફથી અમનજોત કૌરે સૌથી વધુ 57 રન બનાવ્યા. શ્રીલંકાની ઇનોકા રાણાવીરાએ ચાર વિકેટ લીધી. મેચ વરસાદને કારણે વિક્ષેપિત થઈ , જેના કારણે ઓવરની સંખ્યા 47 થઈ હતી.

વરસાદને કારણે ડકવર્થ-લુઇસ પદ્ધતિમાં મુજબ ભારતનો અંતિમ સ્કોર 270 રનનો રાખવામાં આવ્યો , જેનાથી શ્રીલંકાને જીતવા માટે 271 રનનો લક્ષ્યાંક મળ્યો. જવાબમાં શ્રીલંકા 211 રન જ બનાવી શકતા ભારતનો વિજય થયો હતો. ભારતની દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

**ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં આઠ ટીમો ભાગ લઈ રહી છે : ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રવિવારે કોલંબો ખાતે રમાશે.**

---